ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



શિયાળાની શરૂઆત - શિયાળાની શાનદાર શરૂઆત થઈ છે... સાંજે પાંચ વાગ્યા બાદ અને સવારે અગિયાર વાગ્યા પહેલા ઠંડીનો ચમકારો જનજીવનને અસરકર્તા બન્યો છે. વહેલી સવારે દ્વિચક્રી પર ઘરની બહાર નિકળવાનું હોય તો પવનથી અને ઠંડીથી બચવા શરીરને આવરણની આવશ્યકતા પડે છે... ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી પવનની ગતિ તેજ બને છે... અને તેજ પવનને કારણે શિયાળામાં વહેલી સવારે ઠંડી અનુભવાય છે... તીવ્ર ઠંડી અને તેજ પવનના પગલે આજકાલ નગરના માર્ગો ઉપર દેખાતા દશ્યો કેમેરામાં કેદ કરાયા છે... **(તસવીર : દિપક જાની)**

## ખૂણે... ...ખાંચરેથી

- આજે જીવન વિમા નિગમની ગાંધીનગર ખાતેની કચેરીમાં નિયત સમય કરતાં પ્રિમીયમના નાણાં સ્વીકારવાનું વહેલું બંધ કરતાં ગ્રાહકો પરેશાન થયા હતા.
- ગાંધીનગર કોર્ટ સંકુલમાં આજે લોક અદાલતનું આયોજન કરાયું હતું.
- આજે રજા હોવા છતાં જિલ્લા કલેક્ટરશ્રીએ મહેસુલી અધિકારીઓ સાથે મહત્વની બેઠકો યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું જોર વધતાં જ ગરમ વસ્ત્રોના બજારની ઘરાકીમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.
- લગ્નસરાની મોસમને લઈ ગાંધીનગર ડેપોમાં સી.સી. બસો મેળવવા માટેનો ધસારો પણ વધવા પામ્યો છે.
- દેશના ચાર રાજ્યોમાં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણી માટે રાજ્ય સરકારના ૧૦થી વધુ સનદી અધિકારીઓ ચૂંટણી પંચના નિરીક્ષક તરીકે ફરજો બજાવવા ગયા છે.
- ગાંધીનગરની જાણીતી સંસ્થા જૈન સોશ્યલ ગૃપના ઉપક્રમે જાણીતા નવલકથાકાર કાજલ ઓઝા વૈદ્યનું જાહેર વ્યાખ્યાન ટાઉનહોલ ખાતે યોજાયું છે.

## આજે માઈગ્રેન્ટ લેબર્સના બાળકો માટે વિશેષ પલ્સ પોલિયો અભિયાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં રોજગારી માટે બીજા રાજ્યમાંથી આવેલા શ્રમજીવીઓના બાળકો માટે આજે મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ પલ્સ પોલિયો અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે આખો દિવસ ચાલનાર આ પલ્સ પોલિયો અભિયાન અંગે




તંત્રએ ખાસ દસ ટીમો બનાવી છે. જેમાંની ૩ ટીમ મોબાઈલ ટીમ છે. મળતી વિગતો પ્રમાણે શહેરની જુદી જુદી બાંધકામ સાઈટો પર બીજા રાજ્યના કામ કરતા મજૂરોના બાળકોની સંખ્યા લગભગ એક હજાર જેટલી છે.

ચાલુ વર્ષ દરમ્યાન આવા બાળકો માટે આ બીજીવાર અભિયાન યોજવામાં આવી રહ્યું છે. તંત્રએ આ માટે પૂરતી તૈયારીઓ કરી લીધી છે. આ માટે રસીનો પૂરતો જથ્થો પણ મંગાવી લેવામાં આવ્યો છે.

સામાન્યતઃ પોલિયો અભિયાન ફેબ્રુઆરી અને એપ્રિલમાં યોજવામાં આવતુ હોય છે. પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત આ વખતે તંત્રએ સર્વેલન્સ પણ સઘન બનાવ્યુ છે. જો કે છેલ્લા દસ વર્ષથી જિલ્લામાં એક પણ પોલિયોનો કેસ મળી આવ્યો નથી. ભારતમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી એક પણ કેસ મળ્યો નથી તે ઉલ્લેખનીય છે.

## ભાજપાના સંવાદ સેલની આજે બેઠક

અમદાવાદ, તા. ૨૩

આવતીકાલે તા. ૨૪ નવેમ્બર રવિવારના રોજ સવારે ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ સંવાદ સેલની બેઠક પ્રદેશ કન્વીનર ડો. પરાગ શેઠની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં રાજ્યના તમામ જીલ્લા ભાજપાના સંવાદ સેલના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડો. અનિલ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપસે તેમ મીડીયા સેલની એક યાદી જણાવે છે.

# માર્ગ નં. ૪ને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડાશે

### ૪.૩૦ કરોડનો ખર્ચ થશે : રૂટમાં માઈનોર બ્રિજ બનશે

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં રસ્તા નંબર-૪ને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડવાનું કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ. ૪.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જ્યારે આ મામલે રૂટમાં આવતા કોતર વિસ્તારને લઈ માઈનોર બ્રિજ પણ બાંધવામાં આવશે.

નવા સચિવાલયના પાછળના ભાગમાં સ્થિત પોલીસભવન થઈ એફ.એસ.એલ. તરફ જતા રોડ નં. ૪ને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૧૪ સાથે જોડી દેવાનું કામ હાથ ધરવા અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા માર્ગ-મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જ્યારે ૬ મહીનાના સમયગાળા બાદ આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા હવે આ માર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડવાનું કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

આ કામગીરી પાછળ રૂ. ૪.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. માર્ગ પર સ્થિત પોલીસભવન, એફએસએલ તેમજ બોર્ડ-નિગમ સહીતની કચેરીઓના લીધે કચેરી સંબંધિત મુલાકાતીઓ માટે પણ હવે આ માર્ગ વધુ સાનુકૂળ બની રહેશે. જ્યારે આ રૂટમાં આવતા કોતર વિસ્તારને લઈ નાનો બ્રિજ બાંધવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસભવનથી રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૧૪ સુધી માઈનોર બ્રિજ બનાવાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડરપ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવતા ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

# ફોન ટેપીંગ માટે સરકાર જ તપાસ પંચ રચશે

ગાંધીનગર, તા. ૨૩

યુવતિના જાસુસી મામલે અને ફોન ટેપીંગ મામલે રાજ્ય સરકાર પોતે જ તપાસ પંચની રચના કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ કોબ્રા પોસ્ટ નામની એક વેબસાઈટ દ્વારા ગુજરાત સરકારના પૂર્વ ગૃહમંત્રીએ એક યુવતીની જાસુસી કરાવી હોવાનો અને ટેલીફોન ટેપીંગ કરાવી હોવા અંગેની એક ઓડીયો ટેપ જારી કરી ઘટસ્ફોટ કર્યો હતો.

આ ઘટસ્ફોટને લઈને ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા સાથે આ મુદ્દે ભારે વિવાદ સર્જાવા પામ્યો છે અને ભાજપ-કોંગ્રેસ આમને સામને આવી ગયું છે.

આ મુદ્દાની કોઈ એજન્સી દ્વારા તપાસ થાય તે પહેલાં જ રાજ્ય સરકાર પોતે જ જાસુસી ને ફોન ટેપીંગની તપાસ માટે તપાસ પંચની રચના કરે તેવી ચર્ચાઓ વહેતી થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા જાસુસી અને ફોન ટેપીંગ અંગેની તમામ હકીકતો એકત્રીત કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેથી કોઈ એજન્સી દ્વારા તપાસ હાથ ધરાઈ તે પહેલાં જ રાજય સરકાર પોતે જ તપાસ પંચ રચવાની દિશામાં આગળ વધી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

લીલા શાક - શિયાળો એટલે લીલા શાકભાજીનો અનોખો ઉત્સવ... સ્વામિનારાયણ સંપ્રદાયમાં તો એકાદ મહિના બાદ શાકોત્સવ ઉજવાશે... બજારમાં આજકાલ તાજા અને લીલા શાકભાજી વ્યાપક પ્રમાણમાં ઠલવાય છે. શિયાળામાં તુવેરની શીંગો અને વાલોળની શીંગો ઉંધીયામાં વપરાય છે... બસ હવે ચટાકેદાર ઉંધીયું એ શિયાળાની મનપસંદ વાનગી બને છે... લીલવાની કચોરી અને ઉંધીયા માટે શીંગોનું સ્વાગત છે...



(તસવીર : દિપક જાની)


## બેસણું



મારાં ધર્મપત્ની **ચંદ્રકાન્તાબેન**નું તા. ૨૨/૧૧/૨૦૧૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૪/૧૧/૨૦૧૩ને રવિવારના રોજ સવારના ૯-૦૦ થી ૧૨-૦૦** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૫૩૫/૨, શક્તિ ચોક પાસે, સેક્ટર-૩/સી, ગાંધીનગર.**

લિ.

**પી. એમ. પરમાર**

**(નિવૃત્ત મદદનીશ નિયામક, નાગરિક પુરવઠા, ગાંધીનગર)**

## બેસણું



અમારા પરિવારના મોભી **શ્રી સ્વ. ઝાલા ગાભુસિંહજી કોયસિંહજી**નું દુઃખદ અવસાન તા. ૧૯/૧૧/૨૦૧૩ને મંગરવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૨૮/૧૧/૨૦૧૩ને ગુરૂવાર**ના રોજ નીચેના સમયે અને સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્રાહ્મણ ફળીયું, મુ. મહિયલ, તા. તલોદ. જી. સાબરકાંઠા**

**સમય : સવારે ૧૦-૩૦ થી સાંજે ૪-૦૦ સુધી**

લિ.

ઝાલા ભૂપતસિંહ કોયસિંહ (ભાઈ) ઝાલા ચંદ્રસિંહ ગાભુસિંહ (પુત્ર)
ઝાલા અગરસિંહ શિવસિંહ (ભાઈ) ઝાલા નરેન્દ્રસિંહ ગાભુસિંહ (પુત્ર)
ઝાલા લક્ષ્મણસિંહ રૂપસિંહ (ભાઈ) ઝાલા અભીષેકસિંહ ચંદ્રસિંહ (પૌત્ર)
ઝાલા મહેન્દ્રસિંહ માલસિંહ (ભત્રીજો) ઝાલા નરેન્દ્રસિંહ હાલુસિંહ (ભત્રીજો)


# દેશને પછાત રાખવા માટે કોંગ્રેસ જવાબદાર : નરેન્દ્ર મોદી

## પોતાની સત્તા ટકાવી રાખવા કોગ્રેસ યુવાનોને શિક્ષિત થવા દેવા માંગતી નથી: ગરીબી હટાવવામાં કોંગ્રેસ નિષ્ફળ

અમદાવાદ, તા. ૨૩

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના મંદસોરમાં આજે ચૂંટણી સભા સંબોધી હતી. આ સભામાં નરેન્દ્ર મોદીએ દેશને પછાત રાખવા માટે કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ નથી ઈચ્છતી કે દેશના લોકો શિક્ષિત બને કારણ કે જો લોકો શિક્ષિત બનશે તો તેની ખુરશી નહીં બચે. મધ્યપ્રદેશમાં વિધાનસભાના ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે મંદસોરના એમઆઈટી કોલેજ મેદાનમાં ચૂંટણી સભાને સંબોધતા નરેન્દ્ર મોદીએ નહેરુ ગાંધી પરિવાર પર નિશાન સાધ્યુ હતુ. મોદીએ જણાવ્યુ હતુ કે આ પરિવારની ચાર પેઢીઓ ગરીબી દૂર કરવા અંગે જ વાતો કરી રહી છે પરંતુ હકીકતમાં તેમણે દેશની જનતા માટે કાં પણ કર્યુ નથી. મોદીએ આરોપ



લગાવ્યો હતો કે કોંગ્રેસ એટલા માટે ગરીબો સિવાય બીજી કોઈ વાત કરતી નથી કેમ કે જો ગરીબી હટી જશે તો તેમની સત્તા ખતરામાં આવી જશે. તેમણે જણાવ્યુ હતુ કે દેશમાં જ્યારે પણ ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસ ગરીબોના નામ પર વોટ માગે છે. પરંતુ ગરીબી હટાવવા માટે કોઈ પણ પગલા ઉઠાવતી નથી.

મોદીએ કટોકટી અને ત્યારબાદ ૧૯૭૭માં થયેલી ચૂંટણીની યાદ અપાવતા લોકોને અપીલ કરી હતી કે તે સમયે કોંગ્રેસની જે ભૂમિકા હતી તે ભૂમિકા આજે પણ છે. મોદીએ જણાવ્યુ હતુ કે છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશની ચૂંટણી પ્રવાસ દરમિયાન જે પ્રકારનો માહોલ જોયો છે તેનાથી સ્પષ્ટ થાય છે કે જનતા જ ચૂંટણી લડી રહી છે. મોદીએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની પ્રશંસા કરતા જણાવ્યુ હતુ કે ચૌહાણે પોતાની મહેનતના બળે રાજ્યને પછાતમાંથી વિકાસસીલ બનાવ્યુ છે. મોદીએ પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહનું નામ લીધા વગર જણાવ્યુ હતુ કે કોંગ્રેસના મુખ્યમંત્રીએ આ રાજ્યના ભાગલા પડાવ્યા હતા. જોકે છેલ્લા ૧૦ વર્ષમાં મધ્યપ્રદેશમાં પરિવર્તન આવ્યુ છે.

## સ્ટેચ્યુ ઓફ યુનીટી માટે વિવિધ રાજ્યોમાં પ્રચાર કાર્યક્રમની રૂપરેખા તૈયાર

ગાંધીનગર, તા. ૨૩

સ્ટેચ્યુ ઓફ યુનીટીના પ્રચાર પ્રસાર માટે આગામી સપ્તાહથી સનદી અધિકારીઓ, મંત્રીઓ, ધારાસભ્યો વિવિધ રાજ્યોના પ્રવાશે જશે. આ કાર્યક્રમ માટે રાજ્ય સરકાર દ્વારા રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ નજીક નર્મદા નદીના સાધુબેટ ખાતે દેશના પનોતા પુત્ર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઉંચી પ્રતિમા મુકવામાં આવનારી છે. સરદાર પટેલની આ પ્રતિમાને સ્ટેચ્યુ ઓફ યુનીટી નામ આપવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આ પ્રતિમા દેશના કિસાનો દ્વારા ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા લોખંડના ઓજારો એકત્રીત કરીને તેને ઓગાળીને તેમાંથી આ સ્ટેચ્યુ બનાવવામાં આવનાર છે.

સ્ચેટ્યુ ઓફ યુનિટીના પ્રચાર અને પ્રસાર માટે તેમજ લોખંડ એકત્રીત કરવા ગુજરાત સરકાર દ્વારા સનદી અધિકારીઓ આઈપીએસ અધિકારીઓને વિવિધ રાજ્યોમાં પ્રવાસે મોકલવામાં આવનાર છે. આ ઉપરાંત મંત્રીઓના વડપણ હેઠળ ૧૫ સભ્યોના પ્રતિનિધિમંડળ પણ આગામી સપ્તાહથી દેશના વિવિધ રાજ્યોના પ્રવાસે જનાર છે. આ પ્રતિનિધિમંડળમાં ધારાસભ્યો, સાંસદોનો પણ સમાવેશ કરવામાં આવનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ પ્રતિનિધિમંડળો વિવિધ રાજ્યના પ્રવાસોમાં ગામડાઓમાં જઈને સ્ટેચ્યુ ઓફ યુનીટી અંગે કિસાનોને માહિતગાર કરવામાં આવશે અને આ સ્ટેચ્યુના નિર્માણ માટે લોખંડના ઓજારો આપવા માટે ખેડૂતોને અનુરોધ કરવામાં આવશે અને સહભાગી થવા અપીલ કરાશે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહથી મંત્રીઓના વડપણ હેઠળના પ્રતિનિધિ મંડળ દેશના વિવિધ રાજ્યોમાં તબક્કાવાર પ્રવાસ ખેડશે અને ડિસેમ્બરની ૧૦મી તારીખ સુધીમાં દેશના તમામ રાજ્યોનો પ્રવાસ ખેડીને સ્ટેચ્યુ ઓફ યુનીટી અંગે પ્રચાર અને પ્રસાર કરશે.





RAJDHANI HARDWARE | G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com